# કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે 'ભાલીયા ઘઉંની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ' વિષય ઉપર તાલીમ તથા કીટ વિતરણ (FLD) કાર્યક્રમનું આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે માનનીય કુલપતિશ્રી ડો. કે. બી. કથીરિયા, આ.કૃ.યુ., આણંદ અને સંશોધન નિયામક ડો. એમ. કે. ઝાલા, આ.કૃ.યુ., આણંદના માર્ગદર્શન હેઠળ 'ભાલીયા ઘઉંની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ' વિષય ઉપર તાલીમ તથા કીટ વિતરણ (FLD) કાર્યક્રમનું તા. ૧૩/૧૧/૨૦૨૪ના રોજ યોજાયેલ હતું. આ કાર્યક્રમમાં ધોળકા તાલુકાના અરણેજ, જવારજ, ગુંદી, વેજલકા, લક્ષ્મીપુરા, વીરડી, મેમર તેમજ ભાયલા ગામના કુલ ૪૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શ્રી નરેન્દ્રસિંહ આર. બુંબડિયા, સહ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા ઘઉંની નવી જાતની લાક્ષણીકતાઓ તથા જમીન અને ખાતર વ્યવસ્થાપન વિશે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી આનંદકુમાર એ. રામ, ખેતી અધિકારી દ્વારા ઘઉંમાં રોગ-જીવાતના પશ્નો અને તેના નિરાકરણ વિશે માહિતી આપવામા આવી. ડો. દિપક ડી. પાટીલ, સંશોધન સહાયક દ્વારા ઘઉંમાં અસર કરતા હવામાનના અગત્યના પરિબળોને લગતી સવિસ્તાર માહિતી આપવામાં આવેલ હતી. શ્રી અક્ષય આર. રામ ખેતી મદદનીશ દ્વારા ઘઉંમાં સજીવ ખેતી પધ્ધતિ અને નાડેપ કમ્પોસ્ટ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

ખેડૂત તાલીમ દરમ્યાન 'સ્ટ્રેન્ધનીંગ ઓફ એડેપ્ટીવ રીસર્ચ ઈન ઓલ એગ્રો કલાઈમેટીક ઝોન ઓફ એ.એ.યુ.' યોજના અંતર્ગત પ્રથમ હરોળ નિદર્શન (FLD) ગોઠવવા માટે દરેક ખેડૂતને ગુજરાત આણંદ ડ્યુરમ ઘઉં ૩ (GADW 3) બિયારણની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા શ્રી નરેન્દ્રસિંહ આર. બુંબડિયા, શ્રી આનંદકુમાર એ. રામ, ડો. દીપક ડી. પાટીલ અને શ્રી અક્ષય આર. રામએ તેમજ કેન્દ્રના સર્વ કર્મચારીઓએ ભારે જેહમત ઉઠાવી હતી. અંતમાં શ્રી આનંદકુમાર એ. રામ ઉપસ્થિત ખેડૂતોનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.


કૃષિ સંશોધન કેન્દ્ર




ADAPTIVE TRIAL

